# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-01-2025 EVENING : 7.50 to 8.00
Day : WEDNESDAY National News

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી મુંબઈના ખારઘર ખાતે ઇસ્કોન મંદિરનું ઉદ્ઘાટન કર્યું
2) ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગર જિલ્લામાં 241 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યું.
3) 10 દેશોના 21 સભ્યોનું વિદેશી પ્રતિનિધિમંડળ આવતીકાલે મહાકુંભમાં સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે
4) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મુશ્કેલીમાં મુકાયેલા દેશોને મદદ કરવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો
5) મહિલા ક્રિકેટમાં ભારતીય ટીમની અત્યાર સુધીની સૌથી મોટી જીત, આયર્લેન્ડને 304 રનથી હરાવી 3-0 થી શ્રેણી જીતી લીધી.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MUMBAI ISKCON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી મુંબઈના ખારઘર ખાતે ઇસ્કોન મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું અને પૂજા અર્ચના કરી હતી. આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે શ્રીશ્રી રાધા મદનમોહનજી મંદિર આધ્યાત્મિકતા અને જ્ઞાનની સમગ્ર પરંપરાને પ્રતિબિંબિત કરે છે.

### (બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

દરમિયાન શ્રી મોદીએ કહ્યું કે આપણી આધ્યાત્મિક સંસ્કૃતિનો પાયો માનવ સેવાની ભાવના છે. તેમણે ઉમેર્યું હતું કે આ ભાવનાને અનુરૂપ કેન્દ્ર સરકારે આયુષ્માન ભારત, હર ઘર જલ અને ઉજ્જવલા યોજના જેવી સામાજિક કલ્યાણ યોજનાઓ લાગુ કરી છે. નવ એકરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટમાં અનેક દેવી-દેવતાઓનું મંદિર, વૈદિક શિક્ષણ કેન્દ્ર, સંગ્રહાલય વગેરેનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

## AMIT SHAH - GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે તેમના મતવિસ્તાર ગુજરાતના ગાંધીનગર જિલ્લાનાં માણસા તાલુકામાં અંદાજે 241 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું હતું.

શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં જળ વ્યવસ્થાપનનાં પરિણામે ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં ગામેગામ સિંચાઈ અને પીવાનું શુધ્ધ પાણી પુરતા પ્રમાણમાં પહોંચ્યું છે.

તેમણે અંબોડ ખાતે 234 કરોડ રૂપિયાનાં ખર્ચે સાબરમતી નદી પર નિર્માણ થનારા બેરેજનું ભૂમિપૂજન કર્યું હતું. શ્રી શાહે લાકરોડા ગામે સાબરમતી નદીના કાંઠા પર નીલકંઠ મહાદેવ મંદિર પાસે એક કરોડ 33 લાખ રૂપિયાનાં ખર્ચે સંરક્ષણ દિવાલના કામનું ઇ-લોકાર્પણ કર્યું હતું અને માણસા સર્કિટ હાઉસનું પણ લોકાર્પણ કર્યું હતું.

શ્રી શાહે કલોલના નારદીપુરમાં રામજીમંદિરમાં ભજન મંડળીઓને સાધનોનું વિતરણ કર્યું હતું. તેમણે બોરસણા ખાતે કલોલ-સાણંદ રોડનું ખાતમુહુર્ત કર્યું હતું. શ્રી શાહ સઇજ ખાતેના ઓવરબ્રિજ સહિતના વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .

## VP-CHHATTISGARH VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ છત્તીસગઢના બિલાસપુરમાં ગુરૂ ઘાસીદાસ કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહની અધ્યક્ષતા કરતાં શ્રી ધનખડે વિશ્વવિદ્યાલયના નવીન ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેઓએ વિશ્વવિદ્યાલય પરિસરમાં પોતાની માતાની સ્મૃતિમાં એક છોડ પણ રોપ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## KASHI-TAMIL SANGAMAM

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે નવી દિલ્હીમાં કાશી-તમિલ સંગમમના ત્રીજા તબક્કા અને કેટીએસ પોર્ટલનો શુભારંભ કર્યો. શ્રી પ્રધાને જણાવ્યું કે આ વર્ષે કાશી તમિલ સંગમમ 15 થી 24 ફેબ્રુઆરી દરમિયાન ઉજવાશે. તેમણે કહ્યું કે આ 10 દિવસીય કાર્યક્રમમાં એક હજાર 200 પ્રતિનિધિ, શિલ્પકાર અને સંશોધકો જોડાશે. આ વર્ષનું આયોજન સિદ્ધ ચિકિત્સા પદ્ધતિ અને શાસ્ત્રીય તમિલ સાહિત્યમાં ઋષિ અગસ્ત્યના મહત્વપૂર્ણ યોગદાન પર આધારિત છે. આ તબક્કામાં પાંચ શ્રેણી અંતર્ગત અંદાજે એક હજાર લોકો ભાગ લેશે. જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, ખેડૂતો, નાના સાહસિકો, મહિલાઓ તેમજ શોધકો સહભાગી થશે.

(બાઇટ : ધર્મેન્દ્ર પ્રધાન, કેન્દ્રીય શિક્ષણ મંત્રી)

. . . . . . . . . . . . . . . .

## ARMY DAY

સેના દિવસ નિમિત્તે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે દેશના બહાદુર સૈનિકો, આદરણીય નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોને શુભેચ્છાઓ પાઠવી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કટોકટી અને આફતો દરમિયાન ભારતીય સેનાના માનવતાવાદી કાર્યની પ્રશંસા કરી. એક સંદેશમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં સેનાની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે સરકાર વિવિધ સુધારાઓ અને આધુનિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને સશસ્ત્ર દળો અને તેમના પરિવારોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારતીય સેના તેની હિંમત, બહાદુરી, બલિદાન અને વ્યાવસાયિકતા માટે જાણીતી છે. તેમણે રાષ્ટ્રનું રક્ષણ કરવા અને કુદરતી આફતો દરમિયાન નાગરિકોને મદદ કરવા માટે ભારતીય સેનાની અતૂટ પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરી.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે પણ આ પ્રસંગે ભારતીય સેનાના તમામ રેન્કને શુભેચ્છાઓ પાઠવી.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH - FOREIGN DELEGATION

ભવ્ય અને દિવ્ય મહાકુંભ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે. મહાકુંભનો ભાગ બનવા માટે, 10 દેશોના 21 સભ્યોનું પ્રતિનિધિમંડળ આવતીકાલે સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે. વિદેશ મંત્રાલય દ્વારા આમંત્રિત આ પ્રતિનિધિમંડળ આજે પહોંચશે. આ પ્રતિનિધિમંડળ માટે રહેવાની વ્યવસ્થા અરૈલ ખાતે ટેન્ટ સિટીમાં કરવામાં આવી છે. આ પ્રતિનિધિમંડળ આજે મહાકુંભ મેળા વિસ્તારની પણ મુલાકાત લેશે. હેરિટેજ વોક દ્વારા સભ્યોને પ્રયાગરાજના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને જોવાની તક મળશે.

આવતીકાલે આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળ ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે અને હેલિકોપ્ટરથી દ્વારા મહાકુંભ વિસ્તારનો હવાઈ દૃશ્ય માણશે. આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળમાં ફીજી, ફિનલેન્ડ, ગુયાના, મલેશિયા, મોરેશિયસ, સિંગાપોર, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, ત્રિનિદાદ અને ટોબૈગો અને સંયુક્ત આરબ અમીરાતના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

## GOYAL-DISASTER MANAGEMENT

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે કેન્દ્ર સરકાર આબોહવા પરિવર્તન દ્વારા ઉભા થયેલા પડકારોનો સામનો કરવા માટે આપત્તિ વ્યવસ્થાપન નીતિઓ અને માળખામાં સતત સુધારા કરી રહી છે.

આજે નવી દિલ્હીમાં આપત્તિ વ્યવસ્થાપન પર વિશ્વ કોંગ્રેસને સંબોધતા, શ્રી ગોયલે વસુધૈવ કુટુંબકમની સાચી ભાવના સાથે મુશ્કેલીમાં મુકાયેલા દેશોને મદદ કરવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

મંત્રીશ્રીએ ભારપૂર્વક કહ્યું કે, જ્ઞાનની આપ-લે, અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ અને આપત્તિ જોખમ ઘટાડવાના પ્રયાસોમાં સહયોગને પ્રોત્સાહન આપવું એ સુરક્ષિત અને વધુ સ્થિતિસ્થાપક રાષ્ટ્રના નિર્માણ માટે મહત્વપૂર્ણ છે. તેમણે કુદરતી આફતોના સંચાલનમાં ભારતીય સશસ્ત્ર દળોના યોગદાનની પ્રશંસા કરી.

. . . . . . . . . . . . . . . .

## WOMENS CRICKET - TARGET

મહિલા ક્રિકેટમાં, ભારતે આજે ગુજરાતના રાજકોટમાં રમાયેલી ત્રણ મેચની શ્રેણીની ત્રીજી વનડેમાં આયર્લેન્ડને 304 રનથી હરાવીને તેની અત્યાર સુધીની સૌથી મોટી જીત નોંધાવી. ભારતે શ્રેણી 3-0થી જીતી લીધી. ભારતે આપેલ 436 રનના લક્ષ્યાંકનો પીછો કરતા આયર્લેન્ડ 31.4 ઓવરમાં 131 રન બનાવીને ઓલઆઉટ થયું હતું.

અગાઉ, ભારતીય મહિલા ટીમે 50 ઓવરમાં પાંચ વિકેટે 435 રન બનાવીને ઇતિહાસ રચ્યો, જે તેમનો સૌથી વધુ વનડે કુલ સ્કોર છે અને મહિલા ક્રિકેટના ઇતિહાસમાં ચોથો સૌથી મોટો સ્કોર પણ છે. બંને ભારતીય ઓપનર, સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલે સદી ફટકારી હતી. રાવલે 129 બોલમાં 154 રન બનાવીને તેની પ્રથમ વનડે સદી ફટકારી હતી જ્યારે મંધાનાએ 80 બોલમાં 135 રન બનાવીને પોતાની 10મી સદી ફટકારી હતી. રિચા ઘોષે 42 બોલમાં 59 રન કર્યા હતા. આયર્લેન્ડ માટે, ઓર્લા પ્રેન્ડરગાસ્ટે બે વિકેટ લીધી હતી.

. . . . . . . . . . . . . . . .

## HOME-MINISTRY-REPORT

કેટલાક સંગઠિત ગુનાહિત સમૂહ અને આતંકવાદી જૂથોની પ્રવૃતિઓ વિશે અમેરિકન અધિકારીઓ દ્વારા અપાયેલી જાણકારી બાદ રચાયેલી ઉચ્ચસ્તરીય તપાસ સમિતિએ કેન્દ્ર સરકારને પોતાનો અહેવાલ સોંપ્યો છે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું કે સમિતિએ એક વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહીની ભલામણ કરી છે. તપાસ સમિતિએ ભલામણ કરી છે કે કાયદાકીય કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવામાં આવે. કેટલાક સંગઠિત ગુનાહિત સમૂહો અને આતંકવાદી જૂથોની પ્રવૃતિઓ વિશે માહિતી મળ્યા બાદ નવેમ્બર 2023માં, આ સમિતિની રચના કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓના કારણે ભારત અને અમેરિકાના સુરક્ષા હિતોને નુકસાન પહોંચ્યું હતું. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે સમિતિને અમેરિકાના અધિકારીઓ તરફથી પૂરો સહકાર મળ્યો છે.

. . . . . . . . . . . . . . . .

## SRILANKA-MoU

ભારત અને શ્રીલંકાએ, બંને દેશો વચ્ચે વિકાસ ભાગીદારીને મજબૂત બનાવતા, શ્રીલંકાના ઉત્તરીય પ્રાંતના પોલીસ સ્ટેશનોને 80 સિંગલ કેબ સપ્લાય કરવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. આ સમજૂતી કરાર

પર ભારતીય હાઈ કમિશનર સંતોષ ઝા અને શ્રીલંકાના જાહેર સુરક્ષા સચિવ D.W.R.B. સેનેવિરત્ને દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ પહેલનો હેતુ નાગરિકોની સલામતી વધારવા અને કાયદાના અમલીકરણમાં સુધારો કરવાનો છે. આ પ્રોજેક્ટ શ્રીલંકામાં ભારતના વ્યાપક લોકો-કેન્દ્રિત વિકાસ સહયોગ પ્રયાસોનો એક ભાગ છે, જે આવાસ, આરોગ્ય, શિક્ષણ અને કૃષિ જેવા ક્ષેત્રોને આવરી લે છે. આ પહેલ સ્થાનિક જરૂરિયાતોને સંતોષવા અને શ્રીલંકા સરકારની પ્રાથમિકતાઓને ટેકો આપવા માટેની ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . .